કે.ડી. NEWS
તારીખ : 01/08/2026

# જાફરાબાદ બંદર પર 3 નંબરનું સિગ્નલ, ભારે વરસાદની આગાહીને પગલે અમરેલી જિલ્લાનું તંત્ર એલર્ટ

## તમામ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ રદ, NDRF, ફાયર અને કોસ્ટગાર્ડની ટીમો સજ્જ



હવામાન વિભાગ દ્વારા અમરેલી જિલ્લામાં 1 ઓગસ્ટે ભારે વરસાદની આગાહી કરવામાં આવતા સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. સંભવિત આપત્તિની સ્થિતિને પહોંચી વળવા જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ તમામ અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે તેમજ દરેકને ફિલ્ડમાં સજ્જ રહેવા સૂચના આપવામાં આવી છે.જિલ્લામાં કોઈપણ પ્રકારની ઈમરજન્સી સર્જાય તો તાત્કાલિક કામગીરી કરી શકાય તે માટે NDRFની ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. ઉપરાંત ફાયર વિભાગની ત્રણ ટીમો તથા કોસ્ટગાર્ડની ટીમ પણ જરૂરી સહાય માટે તૈયાર રાખવામાં આવી છે.દરિયાઈ વિસ્તારમાં ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને જાફરાબાદ બંદર પર 3 નંબરનું સિગ્નલ ફરકાવવામાં આવ્યું છે. સમુદ્રમાં ભારે કરંટ જોવા મળ્યો હતો અને ઊંચા મોજાં ઉછળતા હોવાથી માછીમારો તથા દરિયાકાંઠાના લોકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.જિલ્લામાં આખો દિવસ વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. સાંજ સુધીમાં રાજુલામાં 21 મીમી, જાફરાબાદમાં 15 મીમી, સાવરકુંડલામાં 15 મીમી, ખાંભા અને લાઠીમાં 12-12 મીમી તેમજ લીલીયામાં 8 મીમી વરસાદ નોંધાયો હતો. વરસાદને પગલે જિલ્લાના જળાશયોમાં નવા નીરની આવક શરૂ થઈ છે. ખાંભા તાલુકાના રાયડી ડેમનો એક દરવાજો ખોલવાની જરૂર પડી હતી, જ્યારે ધાતરવડી-2 સહિતના જળાશયોમાં પણ પાણીની આવકમાં વધારો નોંધાયો હતો.ભારે વરસાદની આગાહીને પગલે અમરેલી નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં માઈક દ્વારા લોકોને સાવચેત કરવામાં આવ્યા હતા. નદી-નાળાઓ, નીચાણવાળા વિસ્તારો અને પાણી ભરાયેલા સ્થળોએ અવરજવર ટાળવા તેમજ તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

તારીખ : 01/08/2026

# અમરેલી ફાયર સ્ટેશનની રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ લીધી મુલાકાત:

# આપત્તિ વ્યવસ્થાપનની તૈયારીઓનું કર્યું નિરીક્ષણ





અમરેલી જિલ્લામાં ભારે વરસાદની આગાહી અને સંભવિત આપત્તિજનક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી તેમજ અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયાએ આજે અમરેલી શહેર સ્થિત ફાયર સ્ટેશનની મુલાકાત લઈ આપત્તિ વ્યવસ્થાપન માટે કરવામાં આવેલી પૂર્વ તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું.મુલાકાત દરમિયાન રાજ્યમંત્રીશ્રીએ ફાયર વિભાગ પાસે ઉપલબ્ધ આશરે રૂ. ૯૦ લાખથી વધુ કિંમતના અત્યાધુનિક વોટર કમ ફોમ ટેન્ડર સહિતના વિવિધ બચાવ સાધનો, વાહનો અને અગ્નિશામક સુવિધાઓની વિસ્તૃત માહિતી મેળવી હતી. ઉપરાંત સાધનોની કાર્યક્ષમતા, આપત્તિના સમયે ત્વરિત પ્રતિસાદ અને બચાવ કામગીરી અંગે પણ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.આ તકે અમરેલી જિલ્લામાં તૈનાત NDRFની ટીમ દ્વારા પૂર, ભારે વરસાદ તથા અન્ય કુદરતી આપત્તિના સમયે હાથ ધરવામાં આવતી બચાવ કામગીરી, આધુનિક સાધનસામગ્રી, રેસ્ક્યુ તકનીકો અને કાર્યયોજનાની રજૂઆત કરવામાં આવી હતી. રાજ્યમંત્રીશ્રીએ ટીમની સજ્જતા અને કામગીરીની પ્રશંસા કરી હતી.રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "પૂર્વ તૈયારી જ શ્રેષ્ઠ સુરક્ષા છે. આપત્તિના સમયમાં જાનહાનિ અને નુકસાન ઓછું થાય તે માટે તમામ વિભાગો વચ્ચે સંકલન અને ઝડપી કામગીરી અત્યંત જરૂરી છે. રાજ્ય સરકાર નાગરિકોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે અને તમામ બચાવ દળો સંપૂર્ણ સજ્જ છે."આ અવસરે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, ફાયર વિભાગના અધિકારીઓ, N D R F ના અધિકારીઓ અને જવાનો સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ જિલ્લામાં આપત્તિ સમયે અસરકારક પ્રતિસાદ સુનિશ્ચિત કરવા માટે પરસ્પર સંકલન સાથે કામગીરી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.અમરેલી જિલ્લામાં ભારે વરસાદ અને સંભવિત આપત્તિઓને પહોંચી વળવા જિલ્લા તંત્ર, ફાયર બ્રિગેડ તથા NDRF સહિતના તમામ બચાવ દળો સંપૂર્ણ સતર્ક અને સજ્જ હોવાનું આ મુલાકાત દરમિયાન સ્પષ્ટ થયું હતું

તારીખ : 01/08/2026

# ખજૂરી ગામે રૂ. ૨ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ: નવી અદ્યતન પ્રાથમિક શાળા અને સુવિધા પથ ગ્રામજનોને સમર્પિત

અમરેલી જિલ્લાના ખજૂરી ગામે વિકાસને નવી ગતિ આપતા રૂ. ૨ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ રાજ્યના કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી તેમજ અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો, લોકપ્રતિનિધિઓ, રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ શિક્ષણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.



લોકાર્પણ કરાયેલા વિકાસકાર્યોમાં રૂ. ૯૦ લાખથી વધુના ખર્ચે નિર્માણ પામેલી નવી અદ્યતન પ્રાથમિક શાળા તેમજ રૂ. ૧.૨૫ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરાયેલા સુવિધા પથનો સમાવેશ થાય છે. આ બંને વિકાસકાર્યો ગામના શૈક્ષણિક અને માળખાકીય વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે.પ્રસંગે રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, "શિક્ષણ સાથે સંસ્કારોનું સિંચન થશે ત્યારે જ ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થશે. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને આધુનિક સુવિધાઓ દ્વારા ગામડાંનો સર્વાંગી વિકાસ એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે." તેમણે વિદ્યાર્થીઓને મન લગાવી અભ્યાસ કરવા તેમજ શિક્ષકોને રાષ્ટ્રના ઘડવૈયા તરીકે પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવવાની અપીલ પણ કરી હતી.કાર્યક્રમ દરમિયાન ગામના વિકાસ માટે સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ કાર્યોની માહિતી આપવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનોએ શિક્ષણ અને પાયાની સુવિધાઓને મજબૂત બનાવતા આવા વિકાસકાર્યોને આવકારતા રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.



આ અવસરે રાજ્યમંત્રીશ્રી સાથે સ્થાનિક રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વિવિધ વિભાગોના અધિકારીઓ, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, સ્ટાફ, ગામના વડીલો, મહિલાઓ, યુવાનો, વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.નવી પ્રાથમિક શાળા અને સુવિધા પથના લોકાર્પણ સાથે ખજૂરી ગામના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ સોપાન ઉમેરાયું છે. શિક્ષણ, સુવિધા અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપતા આવા કાર્યો ગામની પ્રગતિને નવી દિશા આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.



કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

# લીલીયા તાલુકા ડાયમંડ એસોસિએશનના ઉપક્રમે રત્નકલાકારોના બાળકોને ચોપડા વિતરણ







અમરેલી જિલ્લાના લીલીયા તાલુકા ડાયમંડ એસોસિએશન દ્વારા લીલીયા તાલુકાના રત્નકલાકારોના ધોરણ ૧થી ૧૨માં અભ્યાસ કરતા બાળકો માટે ચોપડા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સાવરકુંડલા-લીલીયા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને ચોપડા સહિતની શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે શિક્ષણ એ ઉજ્જવળ ભવિષ્યનો મજબૂત પાયો છે. સમાજના દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને જરૂરી શૈક્ષણિક સાધનો સરળતાથી ઉપલબ્ધ થાય તે અત્યંત જરૂરી છે. સમાજના વિવિધ સંગઠનો દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવતા આવા સેવાકીય પ્રયાસો માત્ર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત જ કરતા નથી, પરંતુ સમગ્ર સમાજને શિક્ષણ પ્રત્યે વધુ જાગૃત અને સંવેદનશીલ બનાવે છે.કાર્યક્રમમાં લીલીયા તાલુકા ડાયમંડ એસોસિએશનના હોદ્દેદારો, સાવરકુંડલા -લીલીયા વિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વિવિધ ગામોના ગ્રામજનો, શિક્ષણવિદો, શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ, વાલીઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.આયોજકો દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું વાતાવરણ શિક્ષણપ્રેમ, સેવાભાવ અને સમાજ પ્રત્યેની જવાબદારીની ભાવનાથી ઓતપ્રોત બન્યું હતું. વિદ્યાર્થીઓને જરૂરી શૈક્ષણિક સામગ્રી મળી રહે અને તેઓ અભ્યાસમાં વધુ પ્રગતિ કરી પોતાના પરિવાર તેમજ સમાજનું ગૌરવ વધારશે તેવી આશા પણ વ્યક્ત કરવામાં આવી હતી.

તારીખ : 01/08/2026

# સુરત શહેર આચાર્ય સંઘની વાર્ષિક સાધારણ સભા ગૌરવપૂર્ણ વાતાવરણમાં સંપન્ન...



સુરત શહેર આચાર્ય સંઘની વાર્ષિક સાધારણ સભા ઉત્સાહભેર અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં અડાજણ સુરત ખાતે દિલ સે રેસ્ટોરન્ટમાં યોજાઈ હતી. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના ઉપપ્રમુખ અને સુરત શહેર આચાર્ય સંઘના પ્રમુખશ્રી કિશોરકુમાર જાની, અધ્યક્ષશ્રી વિમલભાઈ ચુડાસમા, મહામંત્રીશ્રી પ્રતાપસિંહ બારસડિયા, ઉપપ્રમુખ શ્રી સુરેન્દ્રકુમાર વાડીલે, ડૉ. નિલેશભાઈ જોશી, ડૉ. જયેશભાઈ જોષી, શ્રીમતી પિન્કીબેન માળી, સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યો તેમજ બહોળી સંખ્યામાં આચાર્ય સભ્યોએ ઉપસ્થિત રહી આ બેઠકને સફળ બનાવી.

વાર્ષિક સાધારણ સભાના પ્રથમ તબક્કામાં વયમર્યાદાને કારણે તાજેતરમાં નિવૃત્ત થયેલા સંઘના પૂર્વ અધ્યક્ષશ્રી વિજયભાઈ બારોટના સન્માનનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. મહેમાનોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી ઉપપ્રમુખ શ્રીમતી પિન્કીબેન માળી દ્વારા ભાવવાહી પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો. ત્યારબાદ સ્વાગત પ્રવચનમાં પ્રમુખશ્રી કિશોરકુમાર જાનીએ સંઘના સભ્યો સમક્ષ સમગ્ર વર્ષની અનેકવિધ વિશિષ્ટ અને નોંધનીય કામગીરીઓની વિસ્તૃત માહિતી આપી હતી અને આ સર્વે સફળ કામગીરી કરવામાં સહયોગી તમામ હોદ્દેદારશ્રીઓનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. પૂર્વ અધ્યક્ષશ્રી વિજયભાઈ બારોટની ૩૫ વર્ષની શિક્ષણક્ષેત્રની સેવાઓ, સફળ નેતૃત્વ અને સંઘ માટેના સમર્પણને બિરદાવવામાં આવ્યું. અભિવાદનના પ્રતિભાવરૂપે તેઓએ સંઘના પ્રમુખશ્રી કિશોરકુમાર જાનીના સકારાત્મક જોમ જુસ્સા, ખુમારી અને ખુદ્દારી, ગાંધીગીરી અને દાદાગીરીના પ્રત્યુતર સંદર્ભની શિસ્તબદ્ધ રજૂઆતની સરાહનીય ક્ષમતા અને ઉત્કૃષ્ટ સેવા ભાવનાની મૂક્ત કંઠે સરાહના કરી હતી.  આચાર્ય પદની ગરિમા અને સન્માન માટેના ઉત્તમ પ્રયાસોની પ્રસંશા કરી હતી. આચાર્યો માટે સદૈવ સક્રિય રહેતાં પ્રમુખશ્રીના માનવીય મૂલ્યો, આદર્શો, સંઘ સમર્પિત સમય દાન, સાહસ સાથેની સેવાનો પણ ખાસ ઉદાહરણો દ્વારા એમના ઉત્કૃષ્ટ વ્યક્તિત્વનો પરિચય કરાવ્યો હતો. તેઓએ પ્રવર્તમાન અધ્યક્ષશ્રી વિમલભાઈ ચુડાસમાના વ્યવહારુ અભિગમને તથા મહામંત્રીશ્રી પ્રતાપસિંહ બારસડીયાની સંનિષ્ઠ સંઘીય વહીવટી કામગીરીને પણ ખાસ બિરદાવી હતી. તમામ હોદ્દેદારો અને સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી સંઘની એકતા, સહકાર અને શિક્ષણજગતના હિતમાં સતત કાર્યરત રહેવાની પ્રેરણા આપી હતી. આ પ્રસંગે અધ્યક્ષશ્રી વિમલભાઈ ચુડાસમાએ પ્રસંગોચિત વક્તવ્ય આપી પૂર્વ અધ્યક્ષશ્રીની સેવાઓને બિરદાવી હતી. સાથે જ પ્રમુખશ્રીના ઉમદા સદગુણોની પણ ઝાંખી કરાવી હતી. સભામાં ઉપસ્થિત તમામ સભ્યોએ એક સૂરમાં સર્વે હોદ્દેદારો, કારોબારી સભ્યો અને ડાયનેમિક પ્રમુખશ્રી કિશોરકુમાર જાનીની સેવાકીય સંઘીય કામગીરીને બિરજાવી હતી. આચાર્ય સંઘ દ્વારા બની રહેલી અપડેટેડ નવી ડિરેક્ટરીની સુંદર કામગીરી કરી રહેલા શ્રી વિપુલભાઈ પટેલ, કલ્યાણનિધિ કન્વીનર શ્રી સુનિલભાઈ જોશી તથા સારસ્વત મંત્રીશ્રી વિમલભાઈ ભટ્ટની કામગીરીને સૌએ વધાવી હતી. સંઘના મહામંત્રીશ્રી પ્રતાપસિંહ બારસડિયાએ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી અંતર્ગત અગાઉની બેઠકની મિનિટ્સ, વાર્ષિક અહેવાલ તથા આવક-જાવકના હિસાબ સુંદર રીતે રજૂ કર્યા હતા. વિવિધ શૈક્ષણિક, વહીવટી તથા સંઘીય મુદ્દાઓ પર રચનાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થાઓ અને ભોજનનું સૌજન્ય મહિલા કન્વીનર શ્રીમતી સુચિતાબેન સોલંકી દ્વારા ગોઠવવામાં આવ્યું. કાર્યક્રમના અંતે ઉપપ્રમુખશ્રી સુરેન્દ્રભાઈ વાડીલેએ રમૂજી શૈલીમાં ભાવસભર આભારવિધિ કરી. કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રીમતી પિન્કીબેન માળીએ કર્યું. સમગ્ર કાર્યક્રમ સૌહાર્દ, આત્મીયતા અને સંગઠનની ભાવના વચ્ચે સંઘને ઉતરોત્તર સશક્ત કરતાં જ રહેવાનાં પ્રમુખશ્રી, સૌ હોદ્દેદારો અને સભ્યોના સામૂહિક મકકમ નિર્ધાર સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

આ વાર્ષિક સાધારણ સભામાં સંઘની એકતા અને સંગઠનશક્તિને વધુ બળવત્તર બનાવવા નજીકના ભવિષ્યમાં સંઘની નવી બનનાર ટીમમાં સર્વ સંમતિથી રાજ્ય આચાર્ય સંઘના ઉપપ્રમુખ અને સુરત શહેર આચાર્ય સંઘના વર્તમાન પ્રમુખશ્રી કિશોરકુમાર જાની ફરી પ્રમુખ તરીકેની જવાબદારી હજુ નવી ટર્મ માટે પણ ચાલુ રાખે એવી સૌએ લાગણી અને માગણી વ્યક્ત કરીને રાજ્યકક્ષાએ પણ તેઓ હજુ વધુ પ્રભાવક ભૂમિકા ભજવતા જ રહે તેવી સૌએ આગોતરી શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે શ્રી વિમલભાઈ ચુડાસમા અધ્યક્ષ તરીકે અને શ્રી પ્રતાપસિંહ બારસડીયા મહામંત્રી તરીકેની જવાબદારી નિભાવતા રહે તેવી ખાસ લાગણી ઉપસ્થિત તમામ હોદ્દેદારો અને સભ્યો દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. આ સાથે આચાર્ય સંઘમાં સમર્પિત ભાવે ઉમદા સેવાઓ આપવા ઈચ્છુક સારસ્વત સાથીઓને જરૂરથી આચાર્ય સંઘની નવી ટીમમાં જોડાવા પ્રમુખશ્રીએ ખુલ્લુ આહવાહન કરેલ હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



NAYARA
ENERGY

## મહત્વપૂર્ણ જાહેર સૂચના

### Nayara Energy Ltd.

# શ્રીનાથજી પેટ્રોલિયમ

(નાયરા પેટ્રોલ પંપ)

અમરેલી રોડ, સાવરકુંડલા

માનવંતા ગ્રાહકોને જાણ કરવામાં આવે છે કે,

હવે અમારા પેટ્રોલ પંપ ઉપર

**રાત્રીના ૧૦ કલાકથી**
**સવારે ૬ કલાક સુધી**

પેટ્રોલ અને ડીઝલનું વેચાણ બંધ રહેશે.

આથી તમામ ગ્રાહકોએ
આ સમયની નોંધ લેવા વિનંતી છે.

આપને થતી અસુવિધા બદલ
અમે દિલગીર છીએ.
આપના સતત સહકાર અને સમજણ બદલ
હૃદયપૂર્વક આભાર.

આપનો વિશ્વાસ,
અમારી જવાબદારી.




# શ્રીનાથજી પેટ્રોલિયમ (નાયરા પેટ્રોલપંપ)

અમરેલી રોડ, સાવરકુંડલા

કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

# અમરેલીમાં હરિયાળી અભિયાનને વેગ: મહાદેવ રસ અને હરિઓમ પેંડાની અનોખી પહેલ હેઠળ ડિવાઈડર પર ઔષધીય અને ડેકોરેટિવ વૃક્ષોનું વાવેતર




અમરેલી શહેરને વધુ હરિયાળું અને પર્યાવરણમૈત્રી બનાવવાના હેતુથી મહાદેવ રસ અને હરિઓમ પેંડા દ્વારા નગરપાલિકાના ડિવાઈડર રોડ પર આયુર્વેદિક ઔષધીય છોડ તેમજ ડેકોરેટિવ વૃક્ષોના વાવેતરનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. આ અનોખી પહેલમાં રાજ્યકક્ષાના મંત્રી તથા અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયાએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો.કાર્યક્રમ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે વૃક્ષો માત્ર પર્યાવરણનું સંતુલન જાળવવામાં જ નહીં, પરંતુ આવનારી પેઢીઓને સ્વચ્છ અને સ્વસ્થ જીવન આપવા માટે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પર્યાવરણનું જતન એ દરેક નાગરિકની પ્રાથમિક જવાબદારી છે અને આવા લોકભાગીદારી આધારિત પ્રયાસો સમાજમાં હરિયાળી પ્રત્યે જાગૃતિ લાવવામાં મહત્વનો ફાળો આપે છે.આ પ્રસંગે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, વિવિધ



રાજકીય અને સામાજિક આગેવાનો, હરિઓમ પેંડાના સંચાલકો અને સ્ટાફ, મહાદેવ રસના પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણમાં સહભાગી બની આ અભિયાનને સફળ બનાવ્યું હતું.

તારીખ : 30/07/2026

ના નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સાવરકુંડલામાં સૌ પ્રથમવાર

# અમર કૃપા ડેરી ફાર્મ

## ભેળસેળને કહો અલવિદા, શુધ્ધ દુધને કહો આવકાર

**પ્યોર ગાય તથા ભેંસનું દુધ ફ્રી હોમ ડીલેવરી કરી આપીશું...**




સમય :-

સવારે ૬ થી ૮ * સાંજે ૬ થી ૮

-: સ્થળ :-

## સુર્યદેવ ચોક, સાવરકુંડલા

સંપર્ક : મો. 91731 44484

તારીખ : 01/08/2026

# લોકમાન્ય બાલ ગંગાધર તિલકની આજે પુણ્યતિથિ



આજે ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાની, પ્રખર રાષ્ટ્રવાદી, સમાજસુધારક અને લોકજાગૃતિના અગ્રણી પુરુષ લોકમાન્ય બાલ ગંગાધર તિલકની પુણ્યતિથિ નિમિત્તે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે.23 જુલાઈ, 1856ના રોજ જન્મેલા લોકમાન્ય તિલકે ભારતીય સ્વાતંત્ર્ય ચળવળને નવી દિશા આપી હતી. "સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે અને હું તે મેળવીને જ રહીશ" જેવું અમર સૂત્ર આપી તેમણે દેશભક્તિની જ્યોત પ્રજ્વલિત કરી હતી. ગણેશોત્સવ અને શિવાજી મહોત્સવ જેવા સામાજિક ઉત્સવોને લોકજાગૃતિનું માધ્યમ બનાવી તેમણે જનમાનસમાં રાષ્ટ્રભાવના જગાવી હતી.તેમનું સમગ્ર જીવન દેશસેવા, શિક્ષણ, સ્વાભિમાન અને રાષ્ટ્રીય એકતાના મૂલ્યોને સમર્પિત રહ્યું. આજે તેમની પુણ્યતિથિએ તેમના આદર્શો અને વિચારોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ લઈએ, એ જ તેમના પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




તારીખ : 01/08/2026

# સાવરકુંડલા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ સાવરકુંડલા શિક્ષક શરાફી મંડળી અને કલ્યાણ નિધિ સાવરકુંડલા નો ભવ્ય વાર્ષિક સાધારણ સભા કાર્યક્રમ




શ્રી સાવરકુંડલા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ, સાવરકુંડલા પ્રાથમિક શિક્ષક મંડળી અને સાવરકુંડલા તાલુકા કલ્યાણ નિધિના સંયુક્ત ઉપક્રમે આયોજિત ત્રિવેણી કાર્યક્રમ શિક્ષક એકતા, સ્નેહ, સહકાર અને સંગઠનની ભાવનાથી ભરપૂર રહ્યો.સાવરકુંડલા તાલુકાના તમામ શિક્ષક ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહી કાર્યક્રમને ભવ્ય સફળતા અપાવી અને શિક્ષક એકતાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું.આ પ્રસંગે શ્રી મહેન્દ્રભાઈ આર વિછીયા સાહેબ(ખજાનચી ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ /પ્રમુખશ્રી સાવરકુંડલા શિક્ષક શરાફી મંડળી), શ્રી ક્રિપાલસિંહ જાડેજા સાહેબ (પ્રમુખ શ્રી અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ), રફીકભાઈ જાદવ TDO શ્રી સાવરકુંડલા, શ્રીજે.કે.સરવૈયા સાહેબ TPEO- સાવરકુંડલા, મેહુલભાઈ ત્રિવેદી ઉપપ્રમુખ- અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ , શ્રી મહમદભાઈ ચૌહાણ કે.ની.શિક્ષણશ્રી સાવરકુંડલા, અલ્પેશસિંહ જાડેજા મંત્રીશ્રી સાવરકુંડલા પ્રાથમિક શિક્ષક સાવરકુંડલા, બી.આર.સી સાહેબ શ્રી તુષારભાઈ જાની, પૂર્વ સિનિયર ઉપપ્રમુખ ભાભલુભાઈ ડાંગર, વિપુલભાઈ દુધાત ઉપપ્રમુખ સાવરકુંડલા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ, પરેશભાઈ સતાસીયા ખજાનચી સાવરકુંડલા પ્રાથમિક શિક્ષક સંઘ, શ્રી અતુલભાઈ જાની પ્રમુખશ્રી સાવરકુંડલા કલ્યાણ નિધિ, પ્રકાશભાઈ વાઢેર મંત્રી શ્રી કલ્યાણ નિધિ -સાવરકુંડલા કનુભાઈ ગજેરા પૂર્વ- પ્રમુખશ્રી સાવરકુંડલા શિક્ષક મંડળી, કૃતિકાબેન ત્રિવેદી મહિલા કન્વીનર તાલુકા શિક્ષક સંઘ સાવરકુંડલા ની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વિશેષ વધારો કર્યો હતો. કાર્યક્રમ અંતર્ગત બાળકોને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં દાતા શ્રી ડો.મયુરભાઈ દેસાઈ તથા સાવરકુંડલા તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી મંડળી દ્વારા બાળકોને ઈનામ અર્પણ કરી તેમના ઉત્સાહમાં વધારો કરવામાં આવ્યો.આ સાથે વયનિવૃત્તિને કારણે નિવૃત્ત થયેલા શિક્ષક સાથીઓનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરી લાગણીસભર વિદાય આપવામાં આવી. અમારા સંઘના ઉપપ્રમુખ અને શિક્ષક પરિવારના હંમેશા પ્રિય એવા ભાભલુભાઈ ડાંગર સાહેબ નિવૃત્ત થતાં તેમની સેવાઓને યાદ કરી ભાવભીનું સન્માન કરવામાં આવ્યું.





નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

હા...હા... ઈનામો સોનિકમાં ભાગ લીધેલ ગ્રાહકમિત્રો માટે જ આવશે...હા...હા...હા...

## ડબલ ધમાકા કાર ઓફર-૨૦૨૭




T & C APPLY*

કુલ ઈનામો ૫૫૧

₹ ૭૫૦૦ 'ફ્રી' ખરીદી પર એક માલામાલ કુપન

તા. ૧૬-૦૭-૨૦૨૬ થી તા. ૩૧-૧૨-૨૦૨૬ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!

## સોનિક® જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

તારીખ : 01/08/2026

# જળસંચયથી કૃષિ સમૃદ્ધિ... હરિયાળા અમરેલી તરફ એક મજબૂત પગલું!



વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ થાય અને ખેડૂતોને વર્ષભર સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે તેવા હેતુથી અમરેલી, વડિયા અને કુંકાવાવ તાલુકાના ૧૧૫ ગામોના તળાવો ઊંડા કરવાની ઐતિહાસિક પહેલ આજે સફળતાપૂર્વક સાકાર બની રહી છે. સારા વરસાદ બાદ નવા નીરથી છલકાતા તળાવો સમગ્ર વિસ્તાર માટે આશા અને સમૃદ્ધિનું પ્રતીક બન્યા છે.રાજ્યના કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી તથા અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયાએ વડિયા, બરવાળા બાવળ, બાંટવા દેવળી, ઢૂંઢિયા પીપળીયા, ખાન ખીજડીયા, મોરવાડા અને ખજૂરી ગામોની મુલાકાત લઈ ગ્રામજનો સાથે નવા નીરના વધામણા કર્યા. વિવિધ ગામોમાં શાસ્ત્રોક્ત વૈદિક વિધિ અને ભૂદેવોના મંત્રોચ્ચાર વચ્ચે જળપૂજન કરવામાં આવ્યું, જેમાં રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ જળસંચયના આ લોકઉત્સવને યાદગાર બનાવ્યો.મંત્રીશ્રીએ જણાવ્યું કે, "પાણીનો સંગ્રહ વધશે તો ખેડૂતોનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બનશે. ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે, વર્ષભર સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ બનશે અને પશુ-પક્ષી સહિત સમગ્ર જીવસૃષ્ટિને તેનો લાભ મળશે. જળસંચય એ આવનારી પેઢીઓ માટેનું સૌથી મોટું સંરક્ષણ છે."આ પ્રસંગે 'એક પેડ માં કે નામ' અભિયાનને પણ વધુ વેગ આપવામાં આવ્યો. વડિયા ખાતે અંદાજે ૨,000 વૃક્ષોના વાવેતર માટે સ્થળ નિશ્ચિત કરવામાં આવ્યું, જેથી જળસંચય અને પર્યાવરણ સંરક્ષણની બંને દિશામાં એકસાથે અસરકારક કામગીરી આગળ વધે.તળાવોનું ઊંડીકરણ, વરસાદી પાણીનો વ્યાપક સંગ્રહ અને હરિયાળી વધારવાના પ્રયાસોથી અમરેલી જિલ્લો જળસમૃદ્ધ, હરિયાળો અને કૃષિ સમૃદ્ધ બને તે દિશામાં આ પહેલ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થઈ રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# જોઇએ છે...

## સવારે અને સાંજે દુધની ડીલેવરી કરી શકે તેવા માણસની જરૂર છે...



**: સંપર્ક :**

**મો. 94294 44484**

કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

# જળસિંચનની દિશામાં અમરેલી જિલ્લામાં ઐતિહાસિક પહેલ સાકાર

## વડીયા - કુંકાવાવ તાલુકાના વડીયા, બરવાળા બાવળ, બાટવા દેવળી, ઢૂંઢિયા પીપળીયા, ખાન ખીજડીયા, મોરવાડા, ખજુરી ખાતે નવા નીરના વધામણા કરતા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા

## વડીયામાં "એક પેડ માં કે નામ" અભિયાન હેઠળ ૨,૦૦૦ વૃક્ષો વાવવાનું આયોજન

## "પાણીનો સંગ્રહ વધ્યો એટલે ખેડૂતોનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બનશે" : રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા

અમરેલી, તા. ૩૧ જુલાઈ,૨૦૨૬ - રાજ્ય સરકાર દ્વારા અમરેલી, વડિયા અને કુંકાવાવ તાલુકાના ૧૧૫ ગામોના તળાવો ઊંડા કરવાની હાથ ધરાયેલી અભૂતપૂર્વ જળસંચય પહેલના પરિણામે વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ થતાં અનેક તળાવો નવા નીરથી છલકાઈ ઊઠ્યા છે. આ અવસરે રાજ્યના કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ બરવાળા બાવળ, બાંટવા દેવળી, વડિયા, ઢૂંઢિયા પીપળીયા, ખાન ખીજડીયા, મોરવાડા અને ખજૂરી ગામોની મુલાકાત લઈ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પ્રતિનિધિઓ અને ગ્રામજનો સાથે નવા નીરના વધામણા કર્યા હતા.આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા અમરેલી, વડિયા અને કુંકાવાવ તાલુકાના ૧૧૫ ગામોના તળાવો ઊંડા કરવા માટે ગામદીઠ ૬૦૦ કલાક હિટાચી મશીનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના પરિણામે વરસાદી પાણીનો સંગ્રહ વધ્યો છે, ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે અને ગામનું પાણી ગામમાં જ સંગ્રહિત રહેવાની વ્યવસ્થા ઉભી થઈ છે. આ પહેલથી ખેડૂતોને વર્ષભર સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ બનવાની સાથે સમગ્ર જીવસૃષ્ટિને પણ તેનો લાભ મળશે.રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, "રાજ્ય સરકારની દૂરંદેશી યોજનાના પરિણામે આજે તળાવો નવા નીરથી છલકાઈ રહ્યા છે. પાણીનો સંગ્રહ વધવાથી ખેડૂતોને વર્ષભર ખેતી માટે પૂરતું પાણી મળશે, ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે અને સમગ્ર જીવસૃષ્ટિ માટે પણ આ પાણી જીવનદાયી બનશે."વડીયામાં 'એક પેડ માં કે નામ' અભિયાનને મળશે વેગ રાજ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જળવાયુ પરિવર્તનની અસરોને પહોંચી વળવા વૃક્ષારોપણ અત્યંત જરૂરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પહેલ 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લામાં ૫૧,૦૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. આ અભિયાનને વધુ વેગ આપવા માટે વડીયા ખાતે ૨,૦૦૦ વૃક્ષોના વાવેતર માટે સ્થળ પણ નિશ્ચિત કરવામાં આવ્યું છે.રાજ્યમંત્રીશ્રીએ અમરેલી જિલ્લાના વિકાસકાર્યોમાં સતત માર્ગદર્શન અને સહયોગ આપવા બદલ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પદાધિકારીશ્રીઓ, જનપ્રતિનિધિઓ, અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી નવા નીરના વધામણામાં સહભાગી બન્યા હતા.







નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## સ્વાદ એવો... કે ફરી આવવાનું મન થાય

### પ્રેમથી પીરસાતું પરંપરાગત ગુજરાતી ભોજન



Aavkar
RESTAURANT & BANQUET HALL

કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.

99041 41874 / 70961 31005

કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

# યાત્રિયોની સુવિધા માટે વેરાવળ-રાજકોટ લોકલ ટ્રેનોમાં અસ્થાયી ધોરણે 2 વધારાના જનરલ કોચ જોડાશે

યાત્રિયોની સુવિધા તેમજ વેરાવળ-રાજકોટ રેલખંડ પર સતત વધી રહેલી યાત્રિયોની સંખ્યાને ધ્યાનમાં રાખીને ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના પ્રયત્નોથી પશ્ચિમ રેલવેએ વેરાવળ-રાજકોટ-વેરાવળ લોકલ ટ્રેનોમાં અસ્થાયી ધોરણે 2 વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય લીધો છે.ઉલ્લેખનીય છે કે પશ્ચિમ રેલવેએ અગાઉ આ ટ્રેનોમાં તા. 03 જૂન, 2026થી 02 ઓગસ્ટ, 2026 સુધી અસ્થાયી ધોરણે 2 વધારાના જનરલ કોચ જોડ્યા હતા, જેના પરિણામે ટ્રેનોમાં જનરલ કોચોની સંખ્યા 9થી વધીને 11 થઈ હતી. યાત્રિયોની સતત વધી રહેલી માંગ અને ભીડને ધ્યાનમાં રાખીને હવે ફરી એકવાર આ ટ્રેનોમાં વધુ 2 જનરલ કોચ જોડવામાં આવશે. ત્યારબાદ દરેક ટ્રેનમાં કુલ 13 કોચ રહેશે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ વધારાના કોચોની વિગતો નીચે મુજબ છે-

* ટ્રેન નંબર 59421 રાજકોટ-વેરાવળ લોકલમાં તા. 02 ઓગસ્ટ, 2026થી 31 ઑક્ટોબર, 2026 સુધી 2 વધારાના જનરલ કોચ જોડવામાં આવશે.

* ટ્રેન નંબર 59422 વેરાવળ-રાજકોટ લોકલમાં તા. 03 ઓગસ્ટ, 2026થી 01 નવેમ્બર, 2026 સુધી 2 વધારાના જનરલ કોચ જોડવામાં આવશે.આ વધારાના કોચ જોડાયા બાદ બંને ટ્રેનોની રચના કુલ 13 કોચોની રહેશે, જેમાં 11 જનરલ કોચ તથા 2 એસએલઆરડી (SLRD) લગેજ વાનનો સમાવેશ થશે.

આથી મુસાફરોને વધુ બેઠકો ઉપલબ્ધ થશે, મુસાફરી વધુ આરામદાયક બનશે તેમજ વધતી મુસાફર સંખ્યાને અનુરૂપ મુસાફરીની વ્યવસ્થા વધુ સુગમ અને અનુકૂળ બનશે.મુસાફરોને વિનંતી છે કે મુસાફરી શરૂ કરતા પહેલાં ટ્રેન સંચાલન, સમયપત્રક તથા અન્ય નવીનતમ માહિતી માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in અથવા NTES મારફતે માહિતી અવશ્ય મેળવી લેવી.

અતુલ કુમાર ત્રિપાઠી

વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધક

પશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 22/07/2026


SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## હવે બનશે આપના ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

### દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ




#### મુખ્ય સુવિધાઓ

- અનલિમિટેડ કેટેગરીઝ & પ્રોડક્ટ
- વિડીયો ગેલેરી
- કોન્ટેક્ટ ડીટેઈલ્સ
- વોટ્સઅપ ડાયરેક્ટ ચેટ
- ક્લિક ટુ કોલ
- ગૂગલ મેપ લોકેશન
- બિઝનેસ માહિતી અપડેટ કરવાની સુવિધા
- કસ્ટમર રિવ્યુઝ
- સોશીયલ મીડિયા લિંક્સ
- મોબાઈલ ફ્રેન્ડલી ડીઝાઈન

તમારો ધંધો હવે ઓનલાઇન, દરેક સમયે દરેક જગ્યાએ!

#### જેમાં આપને મળશે..

- તમારો પોતાનો ડીઝીટલ સ્ટોર
- તમારા ધંધાનું ઓનલાઈન માર્કેટ
- ગ્રાહકો સાથે સીધી વાત
- મોબાઈલમાં સરળ અને ઝડપી મેનેજમેન્ટ
- ગ્લોબલ ટાર્ગેટ ઓડિયન્સ
- ઓર્ડર અને ગ્રાહકોનો સરળ રેકોર્ડ
- વિશ્વસનીય, સુરક્ષિત અને વિશ્વાસપાત્ર

100% વિશ્વસનીય સેવા

**તમારા ધંધાની ઓળખ, હવે ડીજિટલ દુનિયામાં!**

જોડાઓ આજે, અને તમારા વ્યવસાયને આપો નવી દૃષ્ટિ અને નવી ઉંચાઈ!

તારીખ : 01/08/2026

# શ્રી પી. પી. એસ. હાઈસ્કૂલ, વંડા ખાતે 'ગુરુ પૂર્ણિમા' પર્વની ભવ્ય અને સાંસ્કૃતિક ઉજવણી સંપન્ન







વંડા, તા. ૨૯ જુલાઈ ૨૦૨૬ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવે છે. "ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વરઃ" ની ભાવનાને ચરિતાર્થ કરતા તેમજ આપણી પ્રાચીન પરંપરાને જીવંત રાખતા, શ્રી પી. પી. એસ. હાઈસ્કૂલ, વંડા ખાતે ગત તા. ૨૮ જુલાઈ ૨૦૨૬ ના રોજ 'ગુરુ પૂર્ણિમા' ના પાવન અવસરે એક ભવ્ય સાંસ્કૃતિક અને પારંપરિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, ટ્રસ્ટીગણ અને આમંત્રિત મહેમાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.કાર્યક્રમનો શુભારંભ અને ગુરુપૂજન કાર્યક્રમની શરૂઆત ઈશ્વર સ્મરણ અર્થે મધુર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ મંચ પર ઉપસ્થિત મહાનુભાવો અને અતિથિ વિશેષોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું તેમજ વિદ્યાની દેવી મા સરસ્વતીની ભાવપૂર્ણ સરસ્વતી વંદના થઈ હતી. ભારતીય ગુરુકુળ પ્રથાનું સ્મરણ કરાવતા, શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે શિક્ષકોનું ગુરુપૂજન કરી તેમના પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી.સાંસ્કૃતિક પ્રસ્તુતિ અને વક્તવ્યો આ ધાર્મિક અને શૈક્ષણિક માહોલને વધુ સંગીતમય બનાવતા શાળાની વિદ્યાર્થિની ગોંડલિયા સાધના દ્વારા સુમધુર સ્વરમાં ગુરુ ભજન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું, જ્યારે ત્રિવેદી વેદાંત દ્વારા ગુરુ મહિમા ગાન કરી ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ગુરુ પૂર્ણિમાના પવિત્ર દિવસના મહત્વ વિશે શાળાના વિદ્યાર્થીઓ સાટીયા રિદ્ધિ અને ભાર્ગવ સરવૈયાએ પોતાના સચોટ વક્તવ્યો રજૂ કર્યા હતા. વિશેષ આકર્ષણરૂપે, વિવેકાનંદ પ્રાથમિક શાળાના નાના ભૂલકાઓ સોલંકી દેવાંગી અને કાવ્યા કળથિયાએ પણ પોતાના બાળસહજ અને પ્રેરણાદાયી વક્તવ્યથી સૌના દિલ જીતી લીધા હતા.પુરસ્કાર વિતરણ અને સન્માન સમારોહ કાર્યક્રમનું સૌથી મહત્વનું પાસું ઈનામ વિતરણ અને સન્માન સમારોહ રહ્યું હતું. જેમાં તેજસ્વી તારલાઓને વિશેષ પુરસ્કારોથી નવાજવામાં આવ્યા હતા જેમાં સ્વ. સવિતાબેન મગનભાઈ સોહાગિયા એજ્યુકેશન ટ્રસ્ટ, વંડાના ટ્રસ્ટીશ્રી રમેશભાઈ તળાવિયા અને શ્રી હીમતભાઈ દૂધાતના હસ્તે શાળામાં ધોરણ ૯ થી ૧૨ માં ૧ થી ૫ ક્રમાંક મેળવેલ તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને રૂ. ૧૫,૦૦૦ ના પુરસ્કાર સાથે એકલવ્ય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.શાળાના વિકાસ અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓને અભ્યાસમાં સહાયરૂપ થવાના ઉમદા હેતુથી રચાયેલા વિદ્યાર્થી સંગઠન 'શ્રી કર્મયોગ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા દાતાશ્રી રમેશભાઈ તળાવિયા અને શ્રી હીમતભાઈ દૂધાતને શાલ ઓઢાડી અને મોમેન્ટો અર્પણ કરી અને સન્માન કરવામાં આવ્યું હતું.સ્વ. રસિકભાઈ સોનપાલની પવિત્ર સ્મૃતિમાં શ્રી ભાવેશભાઈ સોનપાલના હસ્તે તેજસ્વી વિદ્યાર્થીઓને સરસ્વતી સન્માન રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયા હતા.શાળાના પૂર્વ શિક્ષક શ્રી ખુમાનસિંહ લાઠીયા દ્વારા પુરસ્કૃત, ધોરણ ૧૨ માં અર્થશાસ્ત્ર અને સંસ્કૃત વિષયમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનારને રોકડ પુરસ્કાર એનાયત કરાયા હતા. તેમજ પૂર્વ શિક્ષક શ્રી પીયુષભાઈ દ્વારા પુરસ્કૃત, તત્ત્વજ્ઞાન વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવનાર શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને વિશેષ શિલ્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.પ્રેરક વક્તવ્ય અને આભાર દર્શન કાર્યક્રમના અંતિમ ચરણમાં, શાળાના અનુભવી સારસ્વત શ્રી નીતાબેન ભટ્ટ તેમજ શ્રી પ્રવીણભાઈ ઝીંઝુવાડીયાએ પોતાના પ્રેરક પ્રવચનો થકી વિદ્યાર્થીઓને જીવનમાં ગુરુનું મહત્વ અને શિસ્તના પાઠ સમજાવ્યા હતા. ત્યારબાદ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી મનજીબાપા તળાવિયાએ સૌ વિદ્યાર્થીઓને ઉત્તરોત્તર પ્રગતિ કરવા માટે પોતાના આશીર્વચન પાઠવ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન બગડા ધ્રુવિકા તેમજ મકવાણા નિધીએ કર્યું હતુ. પૂર્ણ થયા બાદ, શ્રી સંજયભાઈ વિસાણી દ્વારા ઉપસ્થિત સર્વ મહેમાનો, દાતાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓનો શબ્દો થકી આભાર વ્યક્ત કરી કાર્યક્રમનું સત્તાવાર સમાપન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષણવિદ્ અને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા શ્રી પ્રહલાદભાઈ ચૌહાણે કર્યું હતુ. કાર્યક્રમના અંતે શાળા મંડળ દ્વારા સૌ ઉપસ્થિતો માટે સુરુચિપૂર્ણ અલ્પાહારની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ સમગ્ર આયોજનથી શાળાનું વાતાવરણ ગુરુભક્તિ અને હર્ષોલ્લાસથી છવાઈ ગયું હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## પ્રવાસની પરફેક્ટ શરૂઆત અમારી સાથે

- હનીમૂન ટુર
- ગ્રુપ ટુર
- કોર્પોરેટ ટુર
- ડોમેસ્ટિક ટુર
- ઈન્ટરનેશનલ ટુર
- એક્ઝબિશન ટુર
- સ્ટુડન્ટ ટુર
- એડવેન્ચર ટુર
- સફારી ટુર
- ડેઝર્ટ ટુર
- ધાર્મિક ટુર

JTC HOL!DAYS
Beyond The Imagine

**A To Z Tours નું પ્લાનિંગ અને પેકેજીંગ**

બેસ્ટ પ્રાઈઝ તેમજ બેસ્ટ સર્વિસ અમે આપીશું

**પ્લાન છે ફરવાનો ? એકવાર અમારો સંપર્ક કરો**

**યાદગાર ટુરની ગેરેંટી**

મો 94264 58189

EXPLORE THE WORLD WITH JOY
KHUSHI TOURISM

Luxury awaits, Memories stay

તારીખ : 01/08/2026

# રાજ્યકક્ષાની સ્વાંતત્ર્ય દિવસની ઉજવણી માટે અમરેલી સજ્જ

## રાજ્યકક્ષાની ઉજવણી ભવ્ય બનાવવા ઉર્જા રાજ્ય મંત્રીશ્રી કૌશિક વેકરીયાના દિશાનિર્દેશ




## અમરેલીની આગવી ઓળખ ઉજાગર કરવા શહેરને આકર્ષક રીતે શણગારવા સૂચના

અમરેલી, તા. ૧ ઓગસ્ટ, ૨૦૨૬ - રાજ્યકક્ષાની ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના અનુસંધાને અમરેલી જિલ્લા સેવાસદન ખાતે ઉર્જા રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષસ્થાને સાંસદશ્રી ભરતભાઈ સુતરિયાની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. ૧૫મી ઓગસ્ટે અમરેલી જિલ્લા પોલીસ હેડક્વાર્ટરના મેદાનમાં રાજ્યકક્ષાની સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થશે. બેઠકમાં રાજ્યમંત્રીશ્રીએ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને ભવ્ય, સાંસ્કૃતિક અને યાદગાર બનાવવા માટે વિવિધ તૈયારીઓની વિસ્તૃત સમીક્ષા કરી સંબંધિત વિભાગોને જરૂરી દિશા-નિર્દેશ આપ્યા હતા.આ તકે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રાજ્યકક્ષાની ઉજવણી માટે ચાલી રહેલી પૂર્વ તૈયારીઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

વિવિધ કાર્યક્રમોની વ્યવસ્થા, સુરક્ષા, સ્વચ્છતા, ટ્રાફિક, મહેમાનોના આવકાર સહિતની કામગીરીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું જણાવાયું હતું.રાજ્યમંત્રીશ્રીએ અમરેલીની આગવી ઓળખ અને સાંસ્કૃતિક વૈભવ રાજ્યફલક પર ઉજાગર થાય તે રીતે સમગ્ર શહેરને સુશોભિત કરવા સૂચના આપી હતી. શહેરના મુખ્ય માર્ગો, ચોક-ચોરાહા તેમજ મહત્વના સ્થળોએ આકર્ષક થીમ આધારિત ડેકોરેશન અને રોશની કરવામાં આવે તેમજ નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમની ભાવના પ્રગટે તે પ્રકારનું વાતાવરણ સર્જવા ભાર મૂક્યો હતો.જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું હતું કે, રાજ્યકક્ષાની ઉજવણીના ભાગરૂપે તા. ૧૪ ઓગસ્ટના રોજ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તથા મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં અમરેલીની નૂતન શાળાના મેદાન ખાતે 'એટ હોમ' કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાનમાં ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાંસ્કૃતિક કાર્યક્રમ પૂર્વે અમરેલી જિલ્લાની વિકાસયાત્રાને વધુ વેગ આપતા કરોડો રૂપિયાના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમો પણ યોજાશે.સાંસ્કૃતિક કાર્યક્રમના સમાપન બાદ રાત્રિના સમયે લોકસંસ્કૃતિ અને રાષ્ટ્રભાવનાને સમર્પિત'રંગ કસુંબલ'ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોકપ્રિય લોકગાયક સહિત જાણીતા કલાકારો દેશભક્તિના ગીતો, લોકસંગીત અને ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાને જીવંત કરતી કૃતિઓની રજૂઆત કરશે. બેઠકમાં જિલ્લા પંચાયતના સભ્યશ્રી આશિષભાઈ અકબરી, અગ્રણીઓ સર્વશ્રી પી.પી.સોજિત્રા, અતુલભાઈ કાનાણી, શ્રી મયૂર ભાઈ માંજરીયા, શ્રી રાજુભાઈ ભુતૈયા, શ્રી મેહુલભાઈ ધોરાજીયા, શ્રી મધુભાઈ હરખાણી, શ્રી વિજયભાઈ ચોટલીયા, શ્રી દિવ્યેશભાઈ વેકરીયા, શ્રી ભાવેશભાઈ ભાલિયા, શ્રી સંદિપભાઈ માંગરોળીયાએ શહેર વતી જરૂરી સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજ, નાયબ વનસંરક્ષકશ્રી ગીર પૂર્વ, વિકાસ યાદવ, સૂપર ન્યૂમરરી આસિસ્ટન્ટ કલેકટરશ્રી હર્ષિતા ગોયલ, અમરેલી પ્રાંત અધિકારીશ્રી નાકિયા, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રકાશ પ્રિન્ટર્સ

પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...

# તમારા બિઝનેસ લોગો અને ડિટેલ સાથે પોસ્ટર મેળવો

## માત્ર 249 1 વર્ષ

**7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ**
**(આપની ચોઈસની)**

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે

## સાથે મેળવો

અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....

દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બર્શીપ લીધેલ)
આકર્ષક ભેટ આપવામાં આવશે.

તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ
મોબાઈલનાં પ્લેસ્ટોરમાં જઈને

# PRAKASH PRINTERS

વધારે માહીતી માટે સંપર્ક - મો. 9409545745

કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

# દામનગર રેલવે ફાટક નં. ૧૧/સી વાહનવ્યવહાર માટે બંધ; વૈકલ્પિક રૂટ જાહેર

## ૧૬ સપ્ટેમ્બર સુધી આવનજાવન માટે વૈકલ્પિક રૂટ અનુસરવા સૂચના

અમરેલી તા. ૦૧ ઓગસ્ટ, ૨૦૨૬ - દામનગર શહેર ખાતે દામનગરથી ભુરખીયા તરફ જતા રસ્તા પર આવેલ રેલવે ફાટક નં. ૧૧/સી ઉપર ઓવરબ્રિજની કામગીરી પ્રગતિમાં છે. આ કામગીરી શરૂ રહે તે દરમિયાન તમામ વાહનોની અવર-જવર સંપૂર્ણ પણે બંધ કરવામાં આવી છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી શ્રી દિલિપસિંહ ગોહિલએ ગુજરાત પોલીસ અધિનિયમ-33(૦૧)(બી) અંતર્ગત જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે.આ માટે લાઠી-ભુરખીયા તરફથી આવતા અને ઢસા-દામનનગર તરફથી આવતા જતા વાહનો માટે વૈકલ્પિક રૂટ આપવામાં આવ્યો છે. વાહન ચાલકોએ વૈકલ્પિક રૂટ અનુસરવાનો રહેશે. વૈકલ્પિક રૂટ -૦૧ મુજબ, લાઠી ભુરખીયા તરફથી આવતા વાહન ચાલકોએ ગુરુકુળના આગળના ભાગેથી બજરંગનગર-છભાડીયા ફાટકથી અવાડા ચોકથી નગરપાલીકા મેઈન રોડ પરથી પસાર થવાનું રહેશે. વૈકલ્પિક રૂટ -૦૨ ઢસા-દામનગર તરફથી આવતા વાહનોએ નગરપાલિકા મેઈન રોડ-અવાડા ચોકથી, છભાડીયા ફાટક વાયા બજરંગનગર થઈને ગુરુકુળના આગળના ભાગેથી લાઠી-ભુરખીયા રોડ પરથી પસાર થવાનું રહેશે. આ જાહેરનામું તા. ૧૬.૦૯.૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવેલ ષિક્ષાને પાત્ર ઠરશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

- એનિવર્સરી કેક
- બેબીશાવર કેક
- સગાઈ કેક
- ફોન્ડન્ટ કેક
- મેક અપ કીટ કેક
- ફોટો કેક




## અઢળક કેકની વેરાયટીઓ

New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રૂટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી



**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઇટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં | **લાઇવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા

## લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838



કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 01/08/2026

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

નો નેગેટીવ ન્યુઝ

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"સારી વાત સાંભળતા જેને શંકા પડે છે અને ખરાબ વાત સાંભળતા જેને શ્રદ્ધા બેસી જાય છે એ જો દુર્જન છે તો સામી વ્યક્તિમાં સારું જોવા મળતાં જેને પીડા થાય છે અને ખરાબ જોવા મળતાં જેને આનંદ થાય છે એ નિંદક છે. આપણો નંબર શેમાં ?"




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva®

**3471**
**01/08/2026**
**Saturday**

## आत्मा

जो मनुष्य "संसार" को जान लेता है, वह इस संसार से भागता नहीं है,

बाबास्वामी
1/8/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami    Whatsapp : Shivkrupanand Swami

કે.ડી. NEWS
તારીખ : 01/08/2026
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




જેને ઝગડો જ કરવો છે એને શું હોય ઘરમાં પ્રવેશતા જ પત્નીએ  પતિને ખીજાતા કહ્યું "છત્રી પલાળીને આવ્યા ને" ? .....

ચિન્ટુ એ પ્રશ્ન પૂછ્યો ગુણોથી ભરેલાને ગુણીજન કહેવાય સુખી લોકોને સુખીજન કહેવાયતો  સતત સફર કરતા લોકોને સફરજન કહી શકાય??

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 01/08/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 1 ઓગષ્ટ

# મહત્વની ઘટનાઓ

૧૪૯૮ – ક્રિસ્ટોફર કોલંબસ, વેનેઝુએલા દેશની મુલાકાત લેનાર પ્રથમ યુરોપિયન બન્યો.

૧૭૭૪ – બ્રિટિશ વૈજ્ઞાનિક જોસેફ પ્રિસ્ટલીએ ઓક્સિજન વાયુની શોધ કરી.૧૮૩૧ – નવો લંડન બ્રિજ ખુલ્લો મુકાયો.

૧૯૩૬ – એડોલ્ફ હિટલરની અધ્યક્ષતામાં યોજાયેલા સમારોહ સાથે બર્લિનમાં ઓલિમ્પિક્સ શરૂ થયો.

૧૯૪૧ – પ્રથમ જીપ (વાહન)નું ઉત્પાદન થયું.

૧૯૪૭ – ભારતને અંગ્રેજોની ધુંસરીમાંથી છુટકારો મળ્યો અને ભારત દેશને આઝાદી મળી.

૧૯૫૩ – ઈન્ડિયન એરલાઈન્સે તેની પહેલી ઉડાન ભરી.

૧૯૫૭ – ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના વહીવટ હેઠળ નેશનલ બુક ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી.

૧૯૬૦ – ઈસ્લામાબાદને પાકિસ્તાનની રાજધાની ઘોષિત કરાઈ.

૧૯૬૦ – દાહોમીએ (વર્તમાન બેનિન) ફ્રાન્સથી સ્વતંત્રતાની ઘોષણા કરી.

૧૯૬૫ – ફ્રેન્ક હર્બર્ટની નવલકથા, ડ્યુન પહેલી વાર પ્રકાશિત થઈ. તેને ૨૦૦૩માં વિશ્વની સૌથી વધુ વેચાતી સાયન્સ ફિક્શન નવલકથા તરીકે જાહેર કરાઈ હતી.

## જન્મ

૧૮૮૨ – પુરસોત્તમદાસ ટંડન, ભારતીય વકીલ અને સ્વાતંત્ર્યસેનાની (અ. ૧૯૬૨)

૧૮૯૨ – રવિશંકર રાવળ, ગુજરાતના ચિત્રકાર, સાક્ષર, કલા વિવેચક, પત્રકાર અને નિબંધકાર (અ. ૧૯૭૭)

૧૯૩૩ – મીના કુમારી, ભારતીય અભિનેત્રી (અ. ૧૯૭૨)

૧૯૩૯ – રામચંદ્ર પટેલ, ગુજરાતી કવિ, નવલકથાકાર અને ટૂંકી વાર્તા લેખક

## અવસાન

૧૯૨૦ – લોકમાન્ય ટિળક, ભારતીય રાષ્ટ્રવાદી, શિક્ષક અને સ્વતંત્રતા કાર્યકર્તા. (જ. ૧૮૫૬)

૧૯૯૯ – નિરદ ચૌધરી, ભારતીય મૂળનાં લેખક (જ. ૧૮૯૭)

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/08/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 76K | 53K | 40K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**